## 卐 સમ્યક્ત્વજયંતી-અંક 卐



આશિષ મંગલ યાચત બાલક, મંગલ અનુગ્રહદૃષ્ટિ રહે,
તવ ગુણકો આદર્શ બનાકર હમ સબ મંગલમાલ લહે.

કહાન સં. ૧૫ સં. ૨૦૫૧ (૬૧૭) * આત્મધર્મ * (અંક-૯ વર્ષ-૫૧) વીર સં. ૨૫૨૧ માર્ચ, ૧૯૯૫

श्री રંભાબેન પોપટલાલ વોરા, વઢવાણ દ્વારા

સુવર્ણપુરીમાં ઉજવાનાર ૧૦૬મો

# ॥ શ્રી કહાનગુરુ-જન્મોત્સવ ॥

[ તા. ૨૭-૪-૯૫, ગુરુવાર થી તા. ૧-૫-૯૫, સોમવાર ]

અત્યાનંદોર્મિ સાથ જણાવવાનું કે—આત્મસાધના કરવા નીકળેલાં મુમુક્ષુઓને સઘળાય કર્તૃત્વરૂપી મોહરાજાની સેનાને નેસ્ત-નાબૂદ કરવા અકર્તાસ્વભાવી જ્ઞાયકનો અમોઘમંત્ર આપી આપણા ઉપર અનંત અનંત-ઉપકારની વર્ષા વરસાવનાર પરમ તારણહાર વહાલા ધર્મપિતાની ૧૦૬મી કલ્યાણવર્ષિણી મંગલ જન્મજયંતી (વૈશાખ સુદ–૨), અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં વઢવાણનિવાસી શ્રી રંભાબેન પોપટલાલ વોરા (હા. શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા, પ્રમુખ–શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ) તરફથી ચૈત્ર વદ ૧૩, ગુરુવાર, તા. ૨૭–૪–૯૫ થી વૈશાખ સુદ ૨, સોમવાર, તા. ૧–૫–૯૫ —પાંચ દિવસ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે.

ગુરુ-જન્મોત્સવનો આ મંગલ અવસર 'શ્રી ચૌંસઠઋદ્ધિ-મંડલવિધાનપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસપૂર્ણ ઓડિયો-વિડિયો ટેપપ્રવચન તેમ જ પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસના, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા સમ્પન્ન થનારી પૂજા-ભક્તિ, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, યાત્રા-વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય રોચક કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

આ માંગલિક ગુરુ-જન્મ-જયંતીના સુઅવસરે ગુરુભક્તિભીનો અનુપમ લાભ લેવા સોનગઢ પધારવા ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી રંભાબેન પોપટલાલ વોરા તરફથી હાર્દિક નિમંત્રણ છે.

[ સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે. ]

—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન
સંવત-૧૫
વર્ષ-૫૧
અંક-૯
[ ૬૧૭ ]

વીર
સંવત
૨૫૨૧
સં. ૨૦૫૧
MAR.
A. D. 1995




આશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ક઼ ઉત્સર્ગ અપવાદની મૈત્રી ક઼

[ બહેનશ્રીનાં વચનામૃત ; બોલ નં. ૧, ૧૦, ૧૧, ૧૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૧, તા. ૮--૮-૮૦ ]

[આ વિશેષાંકમાં છપાયેલાં પ્રવચનો પ્રથમવાર જ ટેપમાંથી લિપિબદ્ધ કરીને અત્રે પ્રકાશિત કરવામાં આવ્યા છે.]

રાત્રિના બેન બોલેલાં હોય તે આ વચનો બ્રહ્મચારી દીકરીયુંએ લખી લીધેલાં છે તે બહુ પ્રેમથી સાંભળવા જેવા છે કેમ કે આ બેનના વચનો છે એટલે આનંદની અનુભૂતિમાંથી નીકળેલાં વચનો છે.

"હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે. ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે માટે તું આત્મામાં ગમાડ." (બોલ નં. ૧)

પ્રથમ જ બોલમાં શરત મૂકી છે કે, હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. જો કોઈપણ પરપદાર્થ કે પુણ્ય-પાપના ભાવ રુચતાં હશે તો તને આત્મા રુચશે નહિ માટે તને ક્યાંય ન ગમતું હોય તો જ આત્મામાં ગમશે. કોઈ પણ પરપદાર્થ હો તેના પ્રત્યે

લક્ષ જાય છે તે રાગ જ ઉપજાવે છે. ભગવાન તીર્થંકરનું લક્ષ પણ રાગનું કારણ છે માટે જેને કયાંય ન ગમે તેને આત્મામાં જરૂર ગમે.

જે ઉપયોગમાં આત્મા પકડવામાં આવતો નથી તે ઉપયોગ સ્થૂળ છે. એક તરફ ભગવાન આત્મા છે અને એક તરફ આખું લોકાલોક છે. તેમાં પાંચ પરમેષ્ઠી ઉપર પણ જો રાગ હશે—રુચિ હશે તો પોતા તરફ ઉપયોગ નહિ જાય માટે પરની રુચિ છોડીને પોતાના આત્માની રુચિ કર તો ઉપયોગ આત્મામાં જશે. આ એક જ કાર્ય તારે કરવાનું છે. છ–ઢાળામાં આવે છે :

'લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાવો,
તોડી જગત દ્વંદ્વ-ફંદ, નિજ આતમ ઉર ધ્યાવો.'

આ એક જ બોલ બસ છે. લાખ વાતની વાત કહો કે કરોડ વાતની એક વાત આ જ છે, એ નિશ્ચય ઉર આણો. દ્વૈતપણું પણ છોડીને અંદર આત્મામાં પ્રવેશ કર! ઝીણી વાત છે ભાઈ! આ તો અંતરની વાત છે, મુદ્દાની રકમની વાત છે. બાકી અગિઆર અંગ અનંતવાર ધારણ કર્યાં કે જે એક એક અંગમાં ૧૮ હજાર પદ છે અને એક એક પદમાં ૫૧ કરોડથી વધારે શ્લોક છે. એવા પદ ધારણ કર્યાં પણ અંતરમુખ ન થયો. કેમ કે બહારમાં કયાંય એને રુચિ રહી જાય છે તેમાં અટકી જાય છે. જો કયાંય રુચિ ન હોય તો અટકયા વગર અંદર ગયા વિના રહે નહિ. માટે પોતે કયાં અટકે છે એ શોધી કાઢવું જોઈએ.

તારા ઉપયોગને આત્મામાં રંગી દે! પર તો તારા નથી પણ પુણ્ય-પાપનો રાગ પણ તારો નથી માટે તેમાં રંગ ન લગાવ! એક આત્મામાં જ રુચિ કરવા જેવી છે. આત્મામાં ગમાડ, આત્મામાં ગમે તેવું છે. કેમ કે આત્મામાં સર્વાંગમાં અતીન્દ્રિય આનંદ રહેલો છે. માટે આત્મામાં ગમે તેવું છે.

તને બીજે કયાંય ન રુચે તો...પોતાના આત્મામાં રુચિ લગાવી દો, આત્મામાં ગમે તેવું છે. કેમ કે આત્મા ભગવાન છે, આત્મા પૂર્ણાનંદનો નાથ છે. અહીં તો આત્માને ભગવાન કહીને જ બોલાવ્યો છે. આત્મા ભગવાન છે. તેની રુચિ કર! કેમ કે તેમાં આનંદ ભર્યો છે.

આ જીવ અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો, ચામડાં ઉતારીને ખાર છાંટે તોપણ કષાય ન થાય એટલી કષાયની મંદતા કરી, અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો. એવી શુક્લલેશ્યા અનંતવાર કરી પણ અંતર આત્મા આનંદકંદ છે તેની રુચિ કરી નથી.

અહો! અંતર આત્માની મહિમા શબ્દોમાં તો કેટલી આવે! તું પોતે છો

તેની રુચિ કર! તો તને તારાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે. આ તો બેન રાત્રિના બોલેલાં, તે બ્રહ્મચારી દીકરીઓએ લખી લીધું છે. બેનની નીચે ૬૪ બહેનો છે કેટલીક ગ્રેજ્યુએટ થયેલી છે, કેટલીક લાખોપતિ છે...તેમાંથી અમુક બહેનોએ આ લખી લીધું હતું તે હિંમતભાઈના હાથમાં આવ્યું અને ત્યાંથી અહીં આવ્યું. વાંચીને થયું અહો! શબ્દોમાં ગંભીરતા છે, શબ્દની પાછળ ગૂઢતા છે. તને ક્યાંય ન રુચે તો આત્માની રુચિ કર! કેમ? કેમ કે આત્મામાં ગમે તેવું છે. કેમ? કેમ કે તેમાં આનંદ ભરેલો છે.

પુણ્ય-પાપના ભાવ તો રાગ છે, ઝેર છે. ભગવાન આત્મા તો અમૃત આનંદ-સ્વરૂપ છે. તે બંધનું કારણ નથી. રાગ છે તે બંધનું કારણ છે માટે ઝેર છે. જગતની કોઈ ચીજ રાગ કરવા લાયક નથી. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પ્રત્યે લક્ષ જાય છે તે પણ રાગ છે. કોઈ પણ પરદ્રવ્ય પ્રત્યે લક્ષ જાય તો રાગ થયા વિના રહેતો નથી અને સ્વદ્રવ્યનું લક્ષ થાય તો રાગરહિત થયા વિના રહેતો નથી. માટે એક ભગવાન આત્માનો આશ્રય લે તો આનંદ આવે તેમ છે, બાકી કોઈનાં આશ્રયે આનંદ નથી.

અહીં તો જન્મ-મરણ રહિત થવાની વાત છે. જેના જન્મ-મરણનું મૂળ મટ્યું નથી તેણે પોતાનું કાંઈ હિત કર્યું નથી. એ જન્મ-મરણનો નાશ કેમ થાય કે જેમાં ભવ નથી અને ભવનો ભાવ નથી એવા આત્મા ઉપર દૃષ્ટિ અને રુચિ કરે તેના ભવનો અભાવ થાય છે.

આચાર્યદેવ તો ત્યાં સુધી કહે છે કે કપડાંનો એક ટૂકડો રાખીને મુનિપણું માને છે તે નિગોદમાં જાય છે. કેમ કે છઠ્ઠા ગુણસ્થાન જેવી ઊંચી ભૂમિકામાં મુનિને વસ્ત્રનો વિકલ્પ હોય જ નહિ, છતાં જે એવો રાગ હોવાનું માને છે તેને નવેય તત્ત્વની શ્રદ્ધામાં ભૂલ છે. કેમ કે કપડું રાખવાનો રાગ એ તો આસ્રવ છે તેને સંવર માન્યો એટલે આસ્રવ અને સંવર બંને તત્ત્વને તે સમજ્યો નથી. કપડાં જેવા અજીવનો સંયોગ હોય ત્યાં રાગ આવ્યા વિના રહે જ નહિ એમ તે જાણતો નથી તે અજીવ તત્ત્વની ભૂલ છે અને આત્માનો આશ્રય છઠ્ઠા ગુણસ્થાન જેટલો હોય ત્યાં આવો રાગ હોય જ નહિ એમ તે જાણતો નથી એ તેની જીવતત્ત્વની ભૂલ છે તથા સંવરની ભૂલ છે તેને નિર્જરા અને મોક્ષમાં તો ભૂલ હોય જ. આમ તેને સાતેય તત્ત્વની ભૂલ છે.

આ કોઈ સંપ્રદાય નથી. આ તો ત્રણ લોકના નાથ સીમંધર ભગવાનની વાણી છે. ભગવાન પાસે હતાં, ત્યાંથી અહીં આવ્યા છીએ.

એક આત્મામાં અવશ્ય રુચે તેવું છે માટે તું આત્મામાં રુચિ લગાવ! બહુ

જાણપણું કરવાની રુચિ છોડી દે! આત્માની રુચિ લગાવ! પ્રવચનસારમાં શરૂઆતમાં જ ૩૩મી ગાથામાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે, 'अलम्' હવે મારે વિશેષ જ્ઞાનની જરૂર નથી. સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા છે તો જ્ઞાન ભલે અલ્પ હો, મને વિશેષ આકાંક્ષા નથી.

અહીં તો ૭૮ની સાલથી શાસ્ત્રનો અભ્યાસ છે. બધાં શાસ્ત્રો જોયા છે...એક આત્માની રુચિ લગાવ! આ બોલ પૂરો થયો હવે ૧૦ મો બોલ લેવાનો છે.

"અમે બધાંને સિદ્ધપણે જ દેખીએ છીએ અમે તો બધાંને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને રાગ-દ્વેષવાળા દેખતાં જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય—આત્મા ઊઘડ્યો છે તેને બંધુ ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.

જેને પર્યાયબુદ્ધિ ટળી ગઈ અને ચૈતન્યપ્રભુ દૃષ્ટિમાં આવ્યા તેને બધાં આત્મા આવા જ છે એમ દેખાય છે, પર્યાયમાં ભૂલ છે તેને એક તરફ રાખો તો વસ્તુ તો દરેક જીવની પૂર્ણ આનંદસ્વરૂપ છે. પર્યાય તો વ્યવહાર આત્મા છે. મારો આત્મા ચૈતન્યભગવાન છે, મારો આત્મા સિદ્ધ સમાન છે તેમ દરેકનો આત્મા સિદ્ધ સમાન છે એમ અમને ભાસે છે. માટે અમે તો બધાંને ચૈતન્યપણે જ દેખીએ છીએ. બધાં આત્મા ચૈતન્ય-ભગવાન છે. પોતાના આત્માનું ભાન થયું તેને દરેકના આત્મા ચૈતન્યભગવાનપણે દેખાય છે.

બંધ અધિકારના, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારના અને પરમાત્મપ્રકાશના છેલ્લા ભાગમાં સંસ્કૃતમાં એવા પાઠ છે કે, સર્વ જીવ મન, વચન, કાયાથી રહિત છે તથા રાગથી રહિત છે એમ ભાવો! સર્વ જીવ આનંદકંદ પ્રભુ છે એમ ભાવો. બહુ સરસ વાત લખી છે.

અમે ૧૮ વર્ષની ઉંમરે દુકાનનો માલ લેવા ગયા હતાં, ત્યાં રાત્રે અનસૂયાનું નાટક જોવા ગયાં તેમાં અનસૂયા પોતાના પુત્રને હાલરડાં ગાતી હતી કે, બેટા! તું નિર્વિકલ્પ છો, બેટા! તું ઉદાસીન છો. અહાહા...! રાગ એ તારું આસન નથી તું તેનાથી ઉદાસીન છો. એ વખતમાં નાટકમાં આવા શબ્દો બોલતાં હતાં બેટા! તું શુદ્ધોસિ, બુદ્ધોસિ, ઉદાસીનોસિ, નિર્વિકલ્પોસિ. આવા જ શબ્દો આત્માને માટે બંધ અધિકાર, સર્વવિશુદ્ધ અધિકાર અને પરમાત્મપ્રકાશની પૂર્ણતામાં કહ્યાં છે. સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે તેવો હું છું, હું નિર્વિકલ્પ છું, ઉદાસીન છું...આવા અનેક શબ્દો તેમાં કહ્યાં છે. નિજ નિરંજન શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન, અનુષ્ઠાનરૂપ

નિશ્ચય રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદ સુખની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ છે એવા સ્વસંવેદનજ્ઞાન વડે પ્રાપ્ત એવો ભરિતાવસ્થ હું ચૈતન્ય છું. અનંત ગુણોથી ભરેલી અવસ્થાવાળો હું પરિપૂર્ણ છું. મારામાં સિદ્ધદશા ભરેલી પડી છે. મારો સ્વભાવ જ પરિપૂર્ણ છે એમ સમકિતી પોતે પોતાના માટે ભાવે છે અને અન્ય સર્વ જીવો પણ પરિપૂર્ણ છે એમ સમકિતી ભાવે છે.

હું રાગ, દ્વેષ, મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પાંચ ઇન્દ્રિયોનો વિષયવ્યાપાર અને મન-વચન-કાયાના વ્યાપારથી રહિત છું. હું દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છું તેમ જ ખ્યાતિ, પૂજા, લાભની ભાવનાથી પણ રહિત છું. દૃષ્ટ, શ્રુત અને અનુભૂત-ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા અને મિથ્યાત્વ આ ત્રણ શલ્યથી પણ હું રહિત છું. સર્વ પ્રકારના સર્વ વિભાવ પરિણામથી રહિત હું તો શૂન્ય છું. ત્રણકાળ અને ત્રણલોકમાં શુદ્ધનિશ્ચયનયે હું આવો છું અને બધાંય જીવો પણ આવા જ છે.

નિર્વિકલ્પાદિ આ જે સર્વ બોલ કહ્યાં એવો હું છું અને દરેક જીવ પણ એવા છે. કોઈ જીવ મને અલ્પ દેખાતો નથી. દ્રવ્યદૃષ્ટિથી સર્વ જીવ મારાં સાધર્મી છે. પર્યાયમાં જે ભૂલ છે તે સૌ પોતે જાણે. હું તેને જોતો નથી. જયસેન આચાર્ય કહે છે કે તું તો આવો સિદ્ધસમાન છો પણ દરેક જીવ એવા સિદ્ધસમાન છે એમ ભાવો. દરેક જીવ નિર્વિકલ્પ છે, ઉદાસીન છે, મન-વચન-કાયાથી રહિત છે એમ મન-વચન-કાયા અને કૃત, કારિત, અનુમોદનાથી નિરંતર ભાવવાયોગ્ય છે. હું તો શુદ્ધ છું પણ બધાં આત્મા શુદ્ધ છે એવી ભાવના નિરંતર કરવી. જયસેનાચાર્યની સંસ્કૃત ટીકામાં આ મોટો લેખ આપ્યો છે. એવા જ શબ્દો નાટકમાં હતાં તેમાંથી આ શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ અને ઉદાસીન આ ચાર શબ્દો યાદ રહી ગયા છે.

અત્યારે સંપ્રદાયમાં આ વાત એકાંત અને નિશ્ચયની લાગે છે પણ પ્રભુ ! આવી શક્તિ તારામાં ભરી છે એની વાત છે. એ જ વાત અહીં કહી છે કે અમે બધાંને સિદ્ધપણે જોઈએ છે. એક સમયની પર્યાયમાં ઉદયભાવ છે, સંસાર છે. વસ્તુમાં ઉદયભાવાદિ કોઈ ભાવ નથી, વસ્તુમાં સંસાર નથી, આત્મા કર્મવાળો નથી, આત્મા શરીરવાળો નથી, શરીર અને કર્મ આત્માથી ભિન્ન છે. કર્મ આત્માને ત્રણકાળમાં કદી સ્પર્શતા નથી. કેમ કે કર્મ પરદ્રવ્ય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી સ્પર્શતું નથી.

અમે તો બધાંને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. જુઓ ! 'જ' શબ્દ મૂકીને એકાંત નિશ્ચયની વાત કરી છે. અમે બધાંને સિદ્ધપણે જ દેખીએ છીએ. કોઈને અમે રાગ-દ્વેષવાળા દેખતા જ નથી. દ્રવ્યસ્વભાવ તો સિદ્ધપર્યાય જેવડો પણ નથી કેમ કે, સિદ્ધપર્યાય તો એક સમયની પર્યાય છે અને આત્મા તો એવી અનંતી પર્યાયનો પિંડ છે.

બીજા જીવ ભલે પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય આત્મા પ્રકાશિત થયો છે—રાગથી ભિન્ન પડીને નિર્વિકલ્પ થયો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. સમયસારની ૧૪૨ ગાથામાં ત્યાં સુધી કીધું છે કે, 'હું જ્ઞાયક છું, હું શુદ્ધ છું' એવા વિકલ્પ છે તે પણ રાગ છે માટે તેને છોડી દે! જ્ઞાયકમાં વિકલ્પનો અભાવ છે. આ તો મોટા જ્ઞાયકદેવની મોટી વાતો છે બાપુ!

જેને ચૈતન્યસ્વરૂપ અનુભવમાં આવ્યું તેને બધાં આત્મા ચૈતન્યસ્વરૂપ જ ભાસે છે. બધાં આત્મા ભગવાન છે, પરમેશ્વર છે. પર્યાયમાં ભૂલ છે તેનું નુકશાન એને પોતાને છે, (મને નથી).

હવે ૧૧મો બોલ છે તે પ્રવચનસારનો છે.

'મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગનો ગ્રહણ કરે પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.' (બોલ નં. ૧૧)

જ્ઞાની ધ્યાનમાં રહે તે ઉત્સર્ગમાર્ગ છે અને તેમને વિકલ્પ આવે તે અપવાદમાર્ગ છે. આ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગની મૈત્રી રાખવી જોઈએ. તેમાંથી એકની પણ હઠ કરવા જાય તો એ માર્ગથી ચ્યુત થઈ જાય છે. વિકલ્પો તો ઘણાં આવતાં હોય અને મારે તો ધ્યાન જ કરવું છે એવી હઠ કરે તો હઠથી ધ્યાન થતું નથી.

ઉત્સર્ગ એટલે મૂળ માર્ગ. અંતર આત્મામાં રમવું તે મૂળ માર્ગ છે. પણ જ્ઞાનીને સાધક અવસ્થા હોવાથી શુભ વિકલ્પ પણ આવે છે. એ વિકલ્પ છે તે અપવાદમાર્ગ છે. દૃષ્ટિ તો સદાય દ્રવ્ય ઉપર ટકેલી રહે છે પણ ચારિત્રમાં અસ્થિરતાવશ વિકલ્પ આવે છે તે અપવાદ છે. તેમાં આગ્રહ ન કરવો કે વિકલ્પ આવે જ નહિ. છદ્મસ્થ-અવસ્થા છે ત્યાં સુધી રાગ તો આવશે પણ તેમાંથી નીકળીને ધ્યાનમાં જવું. રાગ આવ્યો તે ઠીક છે એમ કરીને તેમાં રોકાવું નહિ.

જેનાથી પરિણામમાં આગળ વધાય તે માર્ગને જ્ઞાની ગ્રહણ કરે છે. સ્વદ્રવ્યના આશ્રયે જ મોક્ષમાર્ગ છે. રાગાદિ પરભાવથી મોક્ષમાર્ગ નથી. વિકલ્પ આવે છે તેને જ્ઞાની જાણે છે પણ તે ઠીક છે એમ માનતા નથી. પણ એ વિકલ્પ આવવા જ ન દેવા એવો આગ્રહ પણ ન હોય. કેમ કે છદ્મસ્થદશા છે, અલ્પજ્ઞપણું છે, પુરુષાર્થની નબળાઈ

છે ત્યાં સુધી એકલું ધ્યાન તો રહી શકતું જ નથી માટે મારે તો એકલું ધ્યાન જ કરવું છે એવી હઠ ચાલી શકતી નથી. ભક્તિ આદિનો રાગ આવે છે તેને જ્ઞાની જાણે છે પણ તે વિકલ્પમાં જ રહેવું છે એવી હઠ પણ જ્ઞાની કરતાં નથી. હું અંતરમાં સ્થિર રહી શકતો નથી તેથી આ વિકલ્પો આવ્યા છે એમ જ્ઞાની જાણે છે. આ વિકલ્પથી મને લાભ છે એમ માનતાં નથી. વિકલ્પથી લાભ માને તો તે હઠ છે.

જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી. કારણ કે છદ્મસ્થને એકરૂપ ધ્યાન સદાય રહેતું નથી. એકરૂપ ધ્યાન તો કેવળીને સદાય રહે છે, સાધકને એકરૂપ ધ્યાન તો ન રહે તેથી વિકલ્પ પણ આવે છે.

પ્રવચનસારમાં એવો પ્રશ્ન છે કે પ્રભુ! કેવળી તો પૂર્ણ થઈ ગયા, હવે કેવળીને શેનું ધ્યાન હોય! તો જવાબ આપ્યો છે કે, કેવળી ભગવાન અતીન્દ્રિય આનંદનું ધ્યાન કરે છે. એટલે કે અતીન્દ્રિય આનંદનું વેદન કરે છે...એ જ ધ્યાન છે. અને સાધકને તો ધ્યાન એકધારું રહેતું નથી, રાગ આવ્યા વગર રહેતો નથી. પણ આ રાગ આવે છે તે ધર્મ છે અથવા તેનાથી મને લાભ છે એમ જ્ઞાની માનતા નથી. રાગને તો જ્ઞાની કાળા નાગ જેવો માને છે. ઝેર સમાન જાણે છે છતાં રાગ આવ્યા વિના રહેતો નથી. સમ્યગ્દષ્ટિને અને શ્રાવકને તો રાગ આવે છે પણ મુનિને પણ રાગ આવે છે. પંચમહાવ્રતાદિનો રાગ મુનિને જ આવે છે. પણ આ રાગથી મારું કલ્યાણ થશે એવો આગ્રહ ન હોય.

પોતાના દ્રવ્યનો જેટલો આશ્રય લે એટલી શુદ્ધિ થાય છે, પૂર્ણ આશ્રય લે તો પૂર્ણ શુદ્ધતા અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પછી કેવળીને સ્વનો આશ્રય નવો લેવાનો રહેતો નથી. કેવળી થાય તે પૂર્ણ થઈ ગયાં.

જ્ઞાનીને હજુ પૂર્ણ શુદ્ધતા થઈ નથી તેથી અશુદ્ધ એવો રાગ આવે છે પણ તેને ભલો માનતાં નથી. રાગમાં રહેવા માગતા નથી પણ ધ્યાનમાં જ રહેવું છે એવી હઠ પણ કરતાં નથી કેમ કે પૂર્ણપણે ઠરી જવાની શક્તિ નથી એ જાણે છે. જે ધ્યાનનો આગ્રહ રાખે તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી. માર્ગ જરાં ઝીણો છે પ્રભુ!

વીતરાગ સર્વજ્ઞપ્રભુના આ ક્ષેત્રમાં વિરહ પડયાં છે. આ કાળે આ ક્ષેત્રે પ્રભુ તો રહ્યાં નહિ પણ પરમાત્મા થવાની શક્તિ પણ રહી નહિ એવા આ પંચમ આરામાં

પણ આત્માનું ભાન થઈ શકે છે. અને પરમ અધ્યાત્મ તરંગીણીમાં પાઠ છે કે આ કાળે સાધક મોક્ષ નહિ પામે પણ તે ત્રણ ભવે મુક્તિ પામશે.

શું કહ્યું ?...કે જેણે આ ભવમાં આત્માનું સાધન કર્યું છે તે ત્રીજા ભવમાં મોક્ષે જશે—એવો શાસ્ત્રમાં સંસ્કૃતમાં શ્લોક છે. શ્લોકમાં 'अचिरात्' શબ્દ છે તેનો અર્થ એ છે કે, તે જ ભવે ભલે મોક્ષ ન પામે પણ ત્રીજા ભવે એ જીવનો મોક્ષ થાય છે. જે આવા કાળમાં પણ આત્માની સાધના કરી રહ્યો છે તે સાધના કરનાર ત્રીજા ભવે મોક્ષ પામી જાય છે. પંચમકાળમાં મોક્ષ નથી માટે સાધના ન કરવી એમ નથી.

આ ૧૧ મો બોલ થયો હવે ૧૨મો બોલ લેવાનો છે.

જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતી એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતાળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે. સાધનાની સહજદશા સાધેલી છે. ૧૨.

એક સમયની પર્યાય તો ઉપર ઉપર છે, ધ્રુવ છે તે તળ છે. જ્ઞાનીની દૃષ્ટિ ચૈતન્યના તળ ઉપર જ હોય છે. અનાદિથી દૃષ્ટિ પર્યાય ઉપર હતી તે હવે ચૈતન્યપાતાળ ઉપર ગઈ એટલે કે ધ્રુવની દૃષ્ટિ થઈ તે દૃષ્ટિ ત્યાંથી છૂટતી નથી. પર્યાયની પાછળ ધ્રુવ રહેલું છે. પર્યાય હંમેશા ઉપર ઉપર જ રહે છે. ભલે કેવળજ્ઞાનની પર્યાય હો તે પણ ધ્રુવની ઉપર રહે છે. ધ્રુવની અંદર પર્યાય પ્રવેશ કરતી નથી. આવા ધ્રુવ-ચૈતન્ય તળ ઉપર દૃષ્ટિ ગઈ એવા જ્ઞાનીની દૃષ્ટિ ધ્રુવ ઉપરથી ખસતી નથી. દૃષ્ટિ પોતે પર્યાય છે પણ તેનો વિષય ધ્રુવ છે. ધ્રુવ એ પાતાળ છે—તળ છે. તેમાં જ્ઞાનીની પરિણતી એકમેક થઈ ગઈ છે. સમકિતી—જ્ઞાની પોતાના આત્માને રાગથી ભિન્ન જાણીને જ્ઞાનમાં એકમેક થઈ જાય છે. રાગ આવે છે પણ તેમાં એકમેક થતાં નથી. જ્ઞાનની પરિણતી રાગમાં એકમેક થતી નથી. ઉપયોગ બહાર જાય છતાં દૃષ્ટિ પોતાના દ્રવ્યના આશ્રયને છોડતી નથી. ધ્રુવ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી. ઉત્પાદ-વ્યય છે તે પર્યાય છે માટે ઉપર ઉપર છે અને ધ્રુવ છે તે દ્રવ્ય છે, તળ છે, તે અંદર છે, તેમાં પર્યાય એકમેક થઈ જાય અર્થાત્ પર્યાય દ્રવ્યમાં લીન થઈ જાય છે. પર્યાયમાં ધ્રુવ-તળની દૃષ્ટિ થવી તે જ ધર્મની શરૂઆત છે.

# □ 'હું ચૈતન્ય છું' □

[ 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ ૧૨, ૧૫, ૧૮, ૧૯, ૨૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૨. તા. ૯-૮-૮૦ ]

આ વચનામૃત છે. આત્માની અનુભૂતિના આનંદના સ્વાદમાંથી નીકળેલી વાણી છે.

આ ૧૨મા બોલમાં મુદ્દાની રકમની વાત ચાલે છે. દ્રવ્ય એટલે પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવ અને દૃષ્ટિ તે પર્યાય છે. દ્રવ્ય તે વિષય છે અને પર્યાય વિષય કરનાર છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. પર્યાય પોતે વિષય નથી. દ્રવ્યદૃષ્ટિ કરવી તે જ એક કરવાનું કાર્ય છે. દ્રવ્યની દૃષ્ટિ વિનાનું જાણપણું કે ક્રિયા આદિની કાંઈ કિંમત નથી—એ તો બધો સંસાર છે.

સમ્યગ્દર્શનનો વિષય આખું દ્રવ્ય છે. દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ. જેને આ દ્રવ્યની દૃષ્ટિ પ્રગટ થઈ તેને ધર્મની શરૂઆત થઈ ગઈ. આત્મા વીતરાગ આનંદની મૂર્તિ છે. આત્મામાં રાગ નથી. સ્વરૂપમાં તો વીતરાગતા ભરી છે. જેને આવા સ્વરૂપની દૃષ્ટિ થઈ તેની દૃષ્ટિ ચૈતન્યના તળ ઉપર જ લાગેલી રહે છે. તેની દૃષ્ટિ પર્યાય ઉપર નથી. દૃષ્ટિ દ્રવ્યમાં એકમેક થઈ ગઈ છે એમ કહેવાય છે પણ દ્રવ્ય અને પર્યાય કદી એક થઈ જતાં નથી. એકમેક થઈ જાય છે એટલે કે જે દૃષ્ટિ રાગ ઉપર હતી તે હવે સ્વભાવ સન્મુખ થઈ ગઈ છે. પર્યાય પોતે દ્રવ્ય થઈ જતી નથી કે દ્રવ્ય પર્યાયરૂપ થઈ જતું નથી. પર્યાય પર્યાયરૂપ જ રહે છે અને દ્રવ્ય સદાય ધ્રુવરૂપ જ રહે છે. પર્યાય તો દ્રવ્યની ઉપર તરે છે.

દ્રવ્યની દૃષ્ટિ થઈ તેને રાગ, વિકલ્પ અને પર્યાયની બુદ્ધિ છૂટી જાય છે. દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ ચોંટેલી રહે છે. દ્રવ્યનું ક્ષેત્ર અનંત નથી પણ ભાવની અનંતતા છે. ક્ષેત્ર તો આત્માના શરીરપ્રમાણ જ છે પણ ગુણો તો ત્રણકાળના સમય કરતાં પણ અનંતગુણા છે. ત્રણકાળમાં સમય કેટલા હશે?—કે એક સેકંડમાં અસંખ્ય સમય છે તો ત્રણકાળમાં કેટલા સમય હશે તેનો અંદાજ લગાવો. તેના કરતાં અનંતગુણા આત્મામાં ગુણ છે. આ અનંતગુણમયી આત્માની સન્મુખ દૃષ્ટિ થાય છે તેને દૃષ્ટિ આત્મામાં એકમેક થઈ ગઈ કહેવાય છે પણ દ્રવ્ય તે સામાન્ય છે અને પર્યાય તે વિશેષ છે તે

સામાન્ય અને વિશેષ કદી એક થઈ જતાં નથી. સમ્યગ્દર્શનરૂપ વિશેષ-પર્યાય દ્રવ્યની સન્મુખ થાય છે.

અત્યારે તો લોકો ક્રિયાકાંડમાં એટલા જોડાઈ ગયા છે કે તત્ત્વ તો એક તરફ રહી ગયું છે. જ્ઞાનીને તો ચૈતન્યતળ ઉપર જ સહજ દૃષ્ટિ છે. એકવાર દ્રવ્યની દૃષ્ટિ થઈ પછી ફરી દૃષ્ટિ કરવી પડતી નથી, દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ ટકેલી રહે છે અને જ્યારે અનુભવમાં લીન થાય છે ત્યારે તો આ ધ્યાતા, આ ધ્યેય અને આ ધ્યાન એવો ભેદ પણ રહેતો નથી. આ દ્રવ્ય અને આ પર્યાય એવો ભેદ પણ રહેતો નથી. પણ તે બહુ અલ્પ સમય રહે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલતાં મુનિને દિવસમાં હજારોવાર આવો અનુભવ થાય છે અને છૂટી જાય છે. પણ દૃષ્ટિ તો એકવાર સ્વભાવ સન્મુખ ગઈ તે ગઈ, ત્યાંથી ખસતી નથી. ઉપયોગ બહાર જાય, વિકલ્પો આવે, શુભાશુભ રાગ આવે પણ દૃષ્ટિ ચૈતન્યતળ ઉપરથી ખસતી નથી.

જેને દ્રવ્યની દૃષ્ટિ થઈ છે એવા ધર્મીને ચોથા ગુણસ્થાનમાં અનુભૂતિકાળે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ હોય જ પણ અનેક જાતના શુભ અને અશુભ ભાવના કાળે પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસતી નથી. અરે, લડાઈનો કાળ હોય તો એ વખતે પણ દૃષ્ટિમાં ફેર પડતો નથી. ભરત ચક્રવર્તી અને બાહુબલી બંને સમકિતી હતાં, લડતાં હતાં, બંનેને એકબીજા ઉપર દ્વેષ આવતો હતો એ વખતે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર હતી. ૯૬ હજાર સ્ત્રી, કુટુંબ આદિ પ્રત્યેના રાગ કાળે પણ દૃષ્ટિ ધ્રુવ ઉપરથી ખસતી નથી.

શ્રોતા :—દૃષ્ટિ એટલે શું આંખ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દૃષ્ટિ એટલે અંતરના ચક્ષુ. સમકિતરૂપી ચક્ષુ એ જ ચક્ષુ છે. આ બહારની આંખ દેખાય છે તે તો જડ છે. તેની પાંપણ પણ જીવ ફેરવી શકતો નથી. જગતમાં અનંત પરમાણુ છે તેમાંથી એક પણ પરમાણુની અવસ્થા બદલાવવી તે આત્માનું કાર્ય નથી. સમયસાર ત્રીજી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું પણ નથી. આ હાથ આ પુસ્તકને અડતો નથી કેમ કે તે બંનેના પરમાણુનો એકબીજામાં અભાવ છે. એ જ રીતે આત્મા કર્મને અડતો નથી અને કર્મ આત્માને અડતાં નથી. આ વસ્તુસ્થિતિ છે, પરમાર્થ છે, બાકી તો વ્યવહારની વાત ઘણી હોય પણ આ મૂળ વસ્તુસ્થિતિની વાત છે.

સમકિતીનો ઉપયોગ ધ્યાનકાળે એકલો ધ્રુવ ઉપર હોય અને રાગના કાળે શુભ-અશુભ સંયોગો અને રાગમાં ઉપયોગ લાગેલો હોય તોપણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ રહે છે. કેમ કે દૃષ્ટિએ પોતાના વિષયને પકડી લીધો છે તેને છોડતી નથી.

શ્રેણિકરાજા સમકિતી હતાં તો કેદખાનાની અંદર માથા પછાડીને મરે છે છતાં દૃષ્ટિ ધ્રુવ ઉપરથી ખસતી નથી. દૃષ્ટિએ ધ્રુવને દૃષ્ટિમાં પકડી લીધો છે.

ભૂતાર્થ અર્થાત્ ત્રિકાળ ચીજના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે બીજો કોઈ ઉપાય ત્રણકાળમાં નથી. આ ઉપાયથી દૃષ્ટિ સમ્યક્ થઈ તે પછી ઉપયોગ બહારમાં હો કે ઉપયોગ અંતરમાં હો પણ દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ રહે છે. જેમ બાળક માતાની સાથે મેળામાં ગયું હોય અને માણસોની ભીડમાં માતાના હાથમાંથી છૂટું પડી ગયું તેને બીજા પૂછે કે તારું નામ શું, તારા પિતાનું નામ શું, તારું ઘર ક્યાં, તું કહે તો અમે તને પહોંચાડી દઈએ પણ...એ તો એક જ જવાબ આપે છે મારી બા...મારી બા...મારી બા...તેમ ધર્મીની દૃષ્ટિ ધ્રુવ સિવાય ક્યાંય ઠરતી નથી. તેની દૃષ્ટિમાં નિરંતર ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ જ રહે છે. સ્વાનુભૂતિના કાળે કે ઉપયોગ બહાર હોય ત્યારે પણ દૃષ્ટિ ધ્રુવ ઉપરથી બીજે જતી નથી.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તમ્ સત્ છે. તેમાં ઉત્પાદ-વ્યય તે પર્યાય છે અને ધ્રુવ તે દ્રવ્ય છે. દ્રવ્યના બે પ્રકાર છે. એક પ્રમાણનું દ્રવ્ય છે અને એક નિશ્ચયનયના વિષયભૂત દ્રવ્ય છે. દ્રવ્ય-પર્યાયયુક્ત દ્રવ્ય તે પ્રમાણનું દ્રવ્ય છે અને પર્યાય વિનાનું દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય છે. સમકિત તે પર્યાય છે, તેની દૃષ્ટિ પર્યાય ઉપર હોતી નથી પણ તેની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય છે.

અરે, એણે કદી પોતાની દૃષ્ટિ કરવાની મહેનત કરી નથી. બહારની ક્રિયામાંથી નવરો થતો નથી. દુનિયાને આત્માની પડી નથી. આ દેહ છૂટીને પોતે ક્યાં ચાલ્યો જશે તેવી ચિંતા નથી. આ દેહ તો નાશવાન છે અને આત્મા તો નાશ થવાનો નથી તો એ ક્યાં જશે તેનો વિચાર તો હોવો જોઈએ ને! આ ભવના વર્ષ તો હવે થોડાં રહ્યાં છે. ૫૦–૬૦ વર્ષ થયાં છે તેને હવે બીજાં એટલાં વર્ષ તો અહીં રહેવાનું નથી, બીજાં ભવમાં જવાનું જ છે જ્યાં કોઈ જાણીતું નથી, કોઈ સગા-વ્હાલાં નથી. જંગલમાં ભૂંડ, હાથી કે કીડી આદિ જંતુ થઈને અવતરશે...તેનો વિચાર કર્યો નથી. ભૂતકાળમાં કેવા કેવા ભવ કરીને આવ્યો છે તેનો પણ વિચાર કરતો નથી.

વાદીરાજ મુનિરાજ તો એકીભાવ સ્તોત્રમાં કહે છે કે, ભૂતકાળના દુઃખોનો વિચાર કરું છું તો આયુધના ઘા વાગે તેવું દુઃખ થાય છે. ત્રણ કષાયના અભાવવાળા મુનિ કે જેને ગણધરદેવના પણ નમસ્કાર પહોંચે છે એવા મુનિ આમ કહે છે કે ભૂતકાળમાં આ જીવે એટલાં દુઃખ વેઠયાં છે કે તેને યાદ કરે તો અંતરથી વૈરાગ્ય આવે તેવું છે.

અહો ! જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ રહે છે. ઉપયોગ બહાર જાય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી. સમકિતી ઇન્દ્રિયના વિષયનો ભોગ લઈને જ્યાં ધ્યાનમાં બેસે છે ત્યાં નિર્વિકલ્પ થઈ જાય છે. કેમ કે દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ હતી અને અસ્થિરતાવશ રાગ આવ્યો હતો તેને પણ જ્ઞાની જાણતાં હતાં—કર્તા થતા ન હતાં તેથી ધ્યાનમાં બેસે છે ત્યાં તરત નિર્વિકલ્પ થઈ જાય છે. હજુ તો સંસારમાં છે, ચોથા ગુણસ્થાનમાં છે. કાંઈ ઊંચી દશા નથી છતાં ધ્યાનમાં ધ્યાતા, ધ્યેય ને ધ્યાનનો ભેદ ભૂલીને અતીન્દ્રિય આનંદને અનુભવવા લાગે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે તે જ ધર્મ છે. આ ધર્મ વિના લોકો ગમે તેવા ઉપાય કરે પણ ભવ ઘટે તેમ નથી. ભવના નાશનો ઉપાય એક જ છે.

જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે. એક સમયની પાછળ ઊંડાણમાં રહેલું જે ધ્રુવ છે તે પાતાળ છે. ધર્મીને તે ચૈતન્યપાતાળનું પર્યાયમાં વેદન થઈ ગયું છે. ઊંડી ઊંડી ગુફામાં-ચૈતન્યના ઊંડાણમાં ધર્મી પહોંચી ગયા છે. ધ્રુવ સિવાય બીજી ચીજનું જ્ઞાન કરે છે પણ દૃષ્ટિમાં તો એક ધ્રુવ જ છે. પર્યાયની પાછળ ઊંડે ઊંડે ચૈતન્યતળમાં તેની દૃષ્ટિ પહોંચી ગઈ છે.

આ તો બેન થોડું થોડું બોલ્યા હોય તે લખી લીધું છે. આમ તો બેન ધ્યાનમાં બહુ રહે છે.

જ્ઞાનીએ પોતાની વર્તમાન પર્યાયને ધ્રુવમાં લગાવી દીધી છે. ખૂબ ઊંડાણમાં ચાલ્યા ગયા છે. પર્યાય ઉપર ઉપર તરે છે એટલે આ શરીર જેવા આત્માના આકારમાં ઉપલા ભાગમાં જ પર્યાય છે એમ નથી. આખામાં એટલે અસંખ્ય પ્રદેશમાં દરેક પ્રદેશની ઉપર પર્યાય છે. પર્યાય અંતરમાં-ધ્રુવ-તળમાં વ્યાપી જાય છે-એકાકાર થઈ જાય છે ત્યારે તેને વિકલ્પ રહેતાં નથી અને જ્યારે વિકલ્પ આવે છે ત્યારે પણ ધર્મી તેને જાણે છે. કર્તા-ભોક્તા થતાં નથી.

ધર્મીએ તો સાધનાની સહજ દશા સાધેલી છે. અંતરમુખ ઝુકાવ અને અતીન્દ્રિય આનંદનું વેદવ છે તે સાધના છે બાકી બહારના ક્રિયાકાંડ એ કોઈ સાધના નથી. સાધનાની સહજ સ્વાભાવિકદશા તો આ છે કે પોતાની પર્યાય વડે અંતરમાં ઉતરવું. અનંત તીર્થંકરો આ સાધનાનો માર્ગ કહી ગયા છે.

હવે ૧૫મો બોલ લેવાનો છે.

'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે! અમૃતવાણીની મીઠાસ જોઈ દ્રાક્ષા શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડાનાં પિલાઈ ગઈ! આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે, તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી?' ૧૫.

કેવી ઉપમા આપી છે કે ભગવાનની વાણીની મીઠાશ જોઈને દ્રાક્ષ તો વનમાં ચાલી ગઈ—શરમાઈ ગઈ કે મારી મીઠાશ કરતાં આ વાણીની મીઠાશ તો કોઈ જુદી જ છે! સિંહ, વાઘ ને સર્પ જેવા જંગલી પ્રાણી પણ જ્યાં આ વાણી સાંભળે છે ત્યાં ઠરી જાય છે. ભગવાનની સભામાં સિંહ ને ગાય, બિલાડી ને ઉંદર વગેરે પ્રાણી એક સાથે બેસે છે છતાં ગાયને કે ઉંદરને ભય લાગતો નથી.

ભગવાનની વાણીમાં અમૃત ઝરે છે. વાણી તો જડ છે, તેના કર્તા ભગવાન નથી પણ વાણીમાં એટલી તાકાત છે કે તેમાંથી મીઠાશ ઝરે છે અને સ્વ-પરનો સ્વભાવ જાહેર થાય છે. જ્યાં જડ વાણીની આટલી તાકાત છે તો પ્રભુની ચૈતન્યની તાકાતની શું વાત કરવી!

ભગવાનની વાણીની મીઠાશ જોઈને શેરડી સંચામાં પીલાઈ ગઈ. એટલી તેને શરમ આવી ગઈ એવી ભગવાનની વાણીનો મહિમા છે તો ભગવાનના ચૈતન્યના મહિમાનું શું કહેવું!

હવે ૧૮મો બોલ.

'દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઉડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય.' ૧૮.

દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. ધર્મ જ તેને હોય કે જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી હોય છે.

આ સમ્યગ્દૃષ્ટિ કહો કે સમ્યગ્દર્શન કહો તેનું મહત્ત્વ એટલું છે કે તેના વિનાના જ્ઞાન અને ચારિત્ર બંને મિથ્યા છે.

વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જ્ઞાનીને શુભ અને અશુભ બંને પ્રકારના રાગ આવે છે પણ આત્માના આનંદના સ્વાદ આગળ એ શુભ-અશુભ

રાગની જ્ઞાનીને મીઠાશ આવતી નથી, જ્ઞાની તેના સ્વામી થતાં નથી અને જ્ઞાની તેના કર્તા-ભોક્તા પણ થતા નથી. સમ્યગ્દૃષ્ટિ ભોગમાં હોય, લડાઈમાં હોય કે ગમે તે સ્થિતિમાં હોય પણ તેની દૃષ્ટિ અંતરમાં પડી છે તેના સ્વાદને તે ભૂલતો નથી એ સમયે પણ તેને આત્માના આનંદનો સ્વાદ છે, અનુભવ છે. કેમ કે જ્યારથી સમ્યગ્દર્શન થાય છે ત્યારથી જ્ઞાનીને આનંદની ધારા તો વર્તે જ છે, અતીન્દ્રિય આનંદની ધારા હો! જીવમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે.

જેમ પતંગ આકાશમાં ઉડે છે પણ દોર હાથમાં હોય છે તેમ સમકિતીને વિકલ્પો ગમે તેટલા આવે પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે. રાગ-દ્વેષ આવે છે પણ ધ્રુવનો દોર જ્ઞાનીના હાથમાં જ છે. 'હું ચૈતન્ય છું', 'હું જ્ઞાતા-દૃષ્ટા છું', 'હું અનંત આનંદનો પિંડ છું' એ દોર ધર્મીના હાથમાં છે માટે ધર્મી સુખી છે. એ દોર વિનાના રાજા-મહારાજા કે કરોડપતિ-અબજપતિ બધાં દુ:ખી છે.

શ્રોતા :—પૈસાવાળાને પૈસાનું સુખ તો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સુખ નથી, દુ:ખ છે. કેમ કે પૈસા એ પરિગ્રહ છે તેને મારા માને છે તે મિથ્યાત્વ છે, તેનાથી એ જીવ દુ:ખી છે. હમણાં આફ્રિકા ગયા હતાં ત્યાં ૪૫૦ કરોડપતિઓ છે અને ૧૫ અબજપતિ છે, ઘણા વ્યાખ્યાન સાંભળવા આવતાં. મુમુક્ષુમંડળે ૨૫ લાખનું મંદિર બનાવ્યું. ૬૦ લાખનો ફાળો થોડીવારમાં થઈ ગયો પણ એ જ વખતે કહ્યું, આ ૬૦ લાખ ખર્ચો છો માટે ધર્મ થઈ જશે એમ માનશો નહિ. કેમ કે પૈસા દેવા-લેવાની કે મંદિર બાંધવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. આત્મા તો ભાવ કરે છે તે પણ શુભભાવ છે, કાંઈ ધર્મ નથી.—બિલકુલ ધર્મ નથી.

શ્રોતા :—એ તો બધો આપનો પ્રતાપ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ તો ભગવાનના ઘરની વાત છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસારમાં ગજબ વાતો છે. અમને તો ભગવાનની વાણીના સંસ્કાર હતાં, સંસ્કાર જરૂર હતાં પણ વાણી તો ભગવાનની છે.

૧૮મા બોલમાં કહ્યું કે વિકલ્પો આવે પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય છે.

હવે ૨૦મો બોલ લેવાનો છે પણ પહેલાં ૧૯મો થોડો લઈ લઈએ.

> જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદાં છે, ન્યારા છે. ૧૯.

ધર્મીને આત્માના આનંદના સ્વાદ આગળ જે રાગ આવે છે તે ઝેર છે, કાળા નાગ જેવો લાગે છે. દુનિયાને આત્માની કાંઈ ખબર નથી, તેને તો કમાવું અને ભોગવવું એ જ સર્વસ્વ છે પણ મરીને ક્યાં ચાલ્યો જઈશ તેની દરકાર જ ક્યાં છે! વેપાર-ધંધો અને બાયડી-છોકરાં જ દેખાય છે.

અહીં તો પરમાત્મા કહે છે કે જ્ઞાનીના અભિપ્રાયમાં રાગ ઝેર સમાન છે—જ્ઞાનીને રાગ ઝેર જેવો લાગે છે. કેમ કે આત્મા તો આનંદસ્વરૂપ છે, રાગ તો તેની વિપરીત અવસ્થા છે. જે એમ માને છે કે શુભરાગ કરતાં કરતાં ધર્મ થશે તેની દૃષ્ટિ મિથ્યા છે. શુભરાગ એટલે દુઃખ છે. દુઃખ વડે ધર્મરૂપ સુખ કેમ થાય? ઝેર ખાતાં ખાતાં અમૃતના ઓડકાર ક્યાંથી આવે! ન જ આવે. તેમ શુભભાવ કરતાં કરતાં સમકિત કે સુખ ન થાય.

આ જીવે પૂર્વે કરોડો પૂર્વ સુધી દિગંબર મુનિપણું પાળ્યું છે. સર્વ દોષ રહિત આહાર લીધો, પંચ મહાવ્રત પાળ્યાં પણ સમકિત વિના લેશમાત્ર સુખ પામ્યો નથી. મુનિપણાના ફળમાં નવમી ગ્રૈવેયક પણ જઈ આવ્યો પણ ત્યાંથી પાછો એકેન્દ્રિયાદિના ભવમાં પછડાય છે. આ લોકની રચના મનુષ્ય આકારે છે તેમાં ગ્રીવાના સ્થાને નવ ગ્રૈવેયક છે. દ્રવ્યલિંગી મુનિ થઈને ત્યાંથી દેહ છોડીને નવમી ગ્રૈવેયક સુધી જઈ આવ્યો છે.

ધર્મીને ચારિત્રના દોષને કારણે પરિણામમાં શુભ કે અશુભભાવ આવી જાય છે પણ અભિપ્રાયમાં તેને કાળા નાગ સમાન જાણે છે. જ્ઞાની વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. કેમ કે સર્વાંગ આનંદસ્વભાવની દૃષ્ટિ થઈ છે તેથી વિભાવની વચ્ચે પણ તે દૃષ્ટિ છૂટતી નથી. જેટલો વિભાવ છે તેટલું દુઃખ જ્ઞાનીને પણ થાય છે. શ્રેણિકરાજા સમકિતી છે, ૮૪ હજાર વર્ષની સ્થિતિ નરકની છે ત્યાં પણ તીર્થંકરગોત્ર બંધાવાનું ચાલુ છે, ક્ષાયિક સમ્યક્ત્વ છે પણ જેટલો કષાય છે તેટલું દુઃખ તો તેને પણ છે. સંયોગનું દુઃખ નથી, પણ વિભાવનું દુઃખ છે.

જ્ઞાની વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી ન્યારા છે કેમ કે જ્ઞાનીની નજર આત્મા ઉપર છે. મિથ્યાદૃષ્ટિની નજર પર્યાય અને રાગ ઉપર છે તેથી તે ન્યારો રહી શકતો નથી. જ્ઞાની અને અજ્ઞાની બંને વિભાવમાં ઊભા હોય છતાં બંનેની નજર-નજરમાં ફેર છે. જેમ પુરુષ પોતાની માતાને જુએ અને સ્ત્રીને જુએ પણ નજરમાં ફેર હોય છે તેમ જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં ફેર છે. તેથી જ્યાં સુધી આત્મજ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની પૈસાના ઢગલાની વચ્ચે હોય તોપણ દુઃખી જ છે. પૈસા

પુણ્યના ફળમાં આવે છે પણ તે પરિગ્રહ છે—પાપ છે માટે પૈસાવાળા જેને પરિગ્રહની મમતા છે તે પાપી છે.

શ્રોતા :—સાહેબ ! પૈસા વિના કાંઈ કામ થતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પૈસાથી એક પણ કામ થતું નથી. કેમ કે એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ છે. આત્માની અસ્તિમાં અન્ય સર્વ દ્રવ્યોની નાસ્તિ છે. એવી નાસ્તિની આત્મામાં અસ્તિ છે. એક પુદ્‌ગલને સ્પર્શતું નથી તો બીજાનું કામ બીજું દ્રવ્ય કેવી રીતે કરે !

શ્રોતા :—આ માર્ગ તો નવો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ માર્ગ નવો નથી પણ ખરો છે, અનાદિનો આ માર્ગ છે.

હવે ૨૦મો બોલ

મારે કાંઈ જોઈતું જ નથી એક આત્મા જ જોઈએ. કોઈ પરપદાર્થની લાલસા નથી, મારે તો મારો આત્મા જ જોઈએ છે. આત્મા જ જોઈએ એવી તીખી તમન્ના—ઉત્સુકતા લાગે તેને માર્ગ મળે જ છે. આ વિશેષ વાત ૨૧મા બોલમાં આવશે. ૨૦.

અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. વિકલ્પ તો રાગ છે—ઝેર છે. ભગવાન આત્મા તો નિર્વિકલ્પ સુખનું ઘર છે. એ ઘર જેને જોઈએ છે તે એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે, સકલ નિરાવરણ અનાદિ અનંત પ્રભુ જોઈએ છે, એ સિવાય મારે કાંઈ જોઈતું નથી. પર્યાયમાં આવરણ છે પણ દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ છે એ મારે જોઈએ છે.

---

'હું જ્ઞાયક ને આ પર', બાકી બધાં જાણવાનાં પડખાં છે. 'હું જ્ઞાયક છું. બાકી બધું પર'—આ એક ધાગએ ઊપડે તો એમાં બધું આવી જાય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી. કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે. —પૂજ્ય બહેનશ્રી

# ચૈતન્યની સાચી ભાવના નિયમથી ફળે જ છે

[ પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ–૨૧, ૩૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૩ ]

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ( બોલ નં. ૨૧ )

ભગવાન ચૈતન્ય આત્મા કે જેમાં જ્ઞાન, આનંદ આદિ અનંતગુણ વસેલા છે તેને—ચૈતન્યને-ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે જેવું ચૈતન્ય દ્રવ્ય છે, જેવા ચૈતન્ય ગુણો છે એવી જ નિર્મળ પરિણતી ઉત્પન્ન થાય તે ચૈતન્યની ભાવના છે. આ ભાવના રાગ-દ્વેષમાંથી ઊઠેલી નથી પણ ચૈતન્યમાંથી ચૈતન્યમય ભાવના ઊગી છે. આ ભાવનાને જ યથાર્થ ભાવના કહેવાય છે. એવી ભાવના ફળે જ છે. આવી ભાવના ફળ્યા વિના રહેતી જ નથી.

ચૈતન્યમાંથી ચૈતન્યની ભાવના પરિણમે એ જ કરવાનું છે. ચૈતન્યની ભાવના પરિણમે તો તે પૂર્ણ થયે જ છૂટકો થાય છે. ચૈતન્યની ભાવનાનું ફળ પૂરું જ આવે. જો ભાવના ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. ચૈતન્યની વાસ્તવિક ભાવના થાય અને તેનું ફળ ન આવે તો તે દ્રવ્ય જ નથી. દ્રવ્યમાંથી દ્રવ્યની પૂર્ણતા ન આવે તો એવું દ્રવ્ય જ ન હોય અને દ્રવ્ય ન હોય તો દ્રવ્ય વિના જગત પણ શૂન્ય થઈ જાય. પોતાની ભાવના પોતાને થઈ અને એ પૂરી ન થાય તો જગતને શૂન્ય થવું પડે.

ચૈતન્યની ચૈતન્યમાંથી ઊગેલી ભાવનાનું ફળ પૂર્ણદ્રવ્ય છે એ ન ફળે તો દ્રવ્યનો નાશ થાય અને દ્રવ્ય વગર જગત પણ શૂન્ય થાય. જગતના દરેક જીવ...તેની ભાવના ન ફળે તો તે તત્ત્વનો જ નાશ થાય. ઝીણી વાત છે ભાઈ! બેનના વચનો છે, અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાણી છે, ભાષા સાદી છે પણ વાત ગૂઢ છે.

ભગવાન આત્માને અંદરમાં જેણે ઢંઢોળીને શોધી કાઢયો. રાગરહિત ભેદજ્ઞાન પ્રગટ કર્યું તે પૂર્ણ થયા વિના ન રહે, પૂર્ણ થયે જ છૂટકો. જો ભાવના પૂર્ણ ન થાય તો એ દ્રવ્ય જ ન રહે. એ રીતે દરેક જીવની ભાવના પૂર્ણ ન થાય તો દરેક દ્રવ્યનો પણ નાશ થાય અને તો જગતનો પણ નાશ થાય.

ચૈતન્યવસ્તુની પ્રાપ્તિમાં પંચમઆરો કાંઈ નડતો નથી. આ શાસ્ત્રો પંચમ-આરાના સાધુએ પંચમઆરાના જીવો માટે લખ્યા છે. કાંઈ ચોથા આરાના જીવોને કહ્યું નથી. પાંચમા આરામાં પણ કોઈ કોઈ એવા જીવો છે કે જેને ચૈતન્યસત્તાનો સ્વીકાર થઈને મોક્ષમાર્ગની પૂર્ણતાની ભાવના પ્રગટ થઈ છે તો તે ભાવના કેમ ન ફળે ? અંદર આત્મામાંથી એવું જોર આવે કે ભાવના ફળ્યે છૂટકો, કેવળ લીધે છૂટકો. આવી ઉગ્ર ભાવના હોય તે ન ફળે તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. ( નાઇરોબીમાં પણ આ વાત લીધી હતી. )

આત્મદ્રવ્ય છે તેની જેને યથાર્થ ભાવના હોય અને તે ન ફળે તો આત્મ-દ્રવ્યનો નાશ થઈ જાય. ભાવનાનું ફળ પૂર્ણ પર્યાય છે તે ન ફળે તો ભાવના નિષ્ફળ જાય તો દ્રવ્ય પણ નાશ પામે. પોતાની ભાવના પોતાને ન ફળે તેમાં દ્રવ્યનો અને જગતનો નાશ શા માટે થાય? કે પ્રભુ, વાત એમ છે કે જે વસ્તુ પોતાની સ્વતંત્ર સત્તાથી રહેલી છે તેની પોતાની ભાવના જ ન ફળે તો એ સત્તા જ નહિ રહે. પોતાની પૂર્ણતા પોતામાં ન થાય તો એ સત્તા કેવી ! એ રીતે જગતના બધાં પદાર્થોની સત્તા નહિ રહી શકે.

આ અપ્રતિહત ભાવનાના ફળની વાત છે. ભલે પંચમઆરો હોય તોપણ અમારી જે અંતરની જોરદાર ભાવના પ્રગટી છે તેમાં વિઘ્ન આવવાનું નથી. આત્મા પૂર્ણ થયે છૂટકો છે. શાસ્ત્રમાં પણ આ કહ્યું છે. સમયસાર ૩૮મી ગાથામાં અપ્રતિબુદ્ધને સમજાવ્યો છે. એ અપ્રતિબુદ્ધ એવો સમજ્યો કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ પ્રગટ થયાં અને એ કહે છે કે અમને જે આ પ્રાપ્ત થયું છે તેનાથી અમે હવે ચ્યુત થવાના નથી. ગુરુ પંચમઆરાના છે અને અમે પંચમઆરાના જીવો છીએ માટે અમારી દશા પાછી પડશે એમ નહિ બને. અમારે દર્શન, જ્ઞાન, ચારિત્રથી ચ્યુત થવું જ નથી. અમને શંકા પણ નથી કે અમે ચ્યુત થઈશું.

આવું અંદરથી જોર આવવું જોઈએ. બહારની ક્રિયા અને પ્રવૃત્તિ વડે આ કાંઈ હાથ આવે તેવું નથી. ચૈતન્યપ્રભુ ચૈતન્યરત્નોથી ભરેલો દરિયો છે તેની રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકારીભાવ વિના અંતરથી ભાવના થઈ હોય તો તે ભાવના ફળ્યે જ

છૂટકો છે, તે કેવળજ્ઞાન પામીને જ રહેશે. જો કેવળજ્ઞાન અને પૂર્ણતાનું ફળ ન આવે તો તે ભાવના નકામી જાય તો એ દ્રવ્યનો પણ નાશ થઈ જાય, જરી ઝીણું છે. આ તો અંદરના જોરની વાત છે.

એક સમયની પર્યાયને ગૌણ કરો તો બધાં આત્મા ભગવાન જ છે. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ, અખંડ અને અવિનાશી છે. નિગોદથી માંડીને બધાં જીવો ભગવાન છે. આવા પોતાના ભગવાન સ્વરૂપની જેને દૃષ્ટિ થઈ તેને આત્મા પ્રાપ્ત ન થાય એમ ત્રણકાળમાં બને જ નહિ.

જો આત્મા પ્રાપ્ત થતો ન હોય તો તેનું કારણ એ સમજવું કે આત્માને પકડવા માટે જેટલી યોગ્યતા જોઈએ એટલી યોગ્યતા નથી તેથી આત્મા પ્રાપ્ત થતો નથી.

ભગવાન આત્મા સત્‌ચિદાનંદપ્રભુ તો અનંત ગુણનો દરિયો છે. આવા પ્રભુની ભાવના થાય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય અને કેવળજ્ઞાન ન થાય એમ ત્રણકાળમાં બને નહિ. દ્રવ્ય પોતાની પૂર્ણ પર્યાયપણે પરિણમ્યા વિના રહે જ નહિ. ૩૮મી ગાથામાં અપ્રતિબુદ્ધ જીવ ગુરુના ઉપદેશ દ્વારા વારંવાર સમજીને સમ્યગ્દર્શન પામ્યો તે જીવ કહે છે કે મારું સમકિત હવે પડશે નહિ.

ભાઈ આ અંતરની ક્રિયા જ કોઈ જુદી છે. બહારની દયા, દાન, વ્રતાદિની ક્રિયા તો જડ છે. કેમ કે તેમાં ચેતનાનો અભાવ છે. જેમાં ચેતનાનો અભાવ છે તે જડ જ છે—અચેતન છે. આ અચેતનની જેને પ્રીતિ છે તેને ચૈતન્યની પ્રીતિ જ નથી. જેને ચૈતન્યની પ્રીતિ થાય તેને પુણ્ય-પાપાદિ રાગની પ્રીતિ રહેતી નથી. ચૈતન્યનો રસ ચડે તેને રાગનો રસ નાશ પામી જાય છે અને જેને રાગનો રસ રહે છે તેને આત્મ-શાંતિનો રસ નાશ પામી જાય છે.

અહા ! આ બોલમાં અંતરનું જોર છે. પોતાની ભાવનાનું ફળ પોતામાં ન આવે તો પોતાની વસ્તુનો જ નાશ થઈ જશે. પર્યાયમાં ઊગેલી ભાવનાનું ફળ પર્યાયવાનમાંથી ન આવે તો દ્રવ્યનો જ નાશ થાય, તો જગતમાં દ્રવ્ય જ ન રહે તો જગતનો જ નાશ થાય. સાધકનું સાધ્ય પ્રાપ્ત થયે જ છૂટકો થાય. સાધ્ય પ્રાપ્ત ન થાય તો સાધક અને સાધ્ય બંનેનો નાશ થાય.

આત્માને પોતાની સાધના કરવામાં કોઈ આરો નડતો નથી. પંચમકાળમાં થયેલાં કુંદકુંદ આચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ સંતોએ પંચમઆરાના જીવો માટે જ આ સમયસાર, પ્રવચનસારાદિ શાસ્ત્રો સમજાવ્યાં છે. જીવને પોતાની ભાવના થાય

અને તેનું ફળ પોતામાં આવ્યા વિના કેમ રહે! આવે જ. પોતાના દ્રવ્યનો કે જગતનો નાશ થવાનો પ્રસંગ આવે જ નાહ.

ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. જેને પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા છે તેને પૂર્ણતા પ્રાપ્ત થાય જ એવો વસ્તુનો સ્વભાવ છે. પોતાની ભાવના થાય અને એ ન ફળે તો વસ્તુ જ ન રહે. કોઈ એમ કહે કે હું આત્મપ્રાપ્તિ માટે મહેનત તો ઘણી કરું છું પણ સમકિત કેમ થતું નથી તો તેનું કારણ પોતાના પ્રયત્નની ખામી છે. જેટલો અંતરમુખ પ્રયત્ન જોઈએ તેમાં ખામી છે. તેથી આત્મા હાથ આવતો નથી. ઘણો પ્રયત્ન કરું છું એ વાત ખોટી છે. કારણ તો ઘણું આપે અને કાર્ય ન આવે એમ કદી બને જ નહિ.

જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ રહિત ચૈતન્યની સૂક્ષ્મ પરિણતિ જોઈએ તેટલા પ્રમાણમાં સૂક્ષ્મ ન હોય તો આત્મા પકડવામાં આવે જ નહિ અને જેટલી સૂક્ષ્મ પરિણતિ જોઈએ એટલી સૂક્ષ્મ હોય તો આત્મા પ્રાપ્ત થયા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? જુદી જ વાત છે બાપુ!

શ્રોતા:—કાળલબ્ધિ વિના પુરુષાર્થ શું કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી:—કાળલબ્ધિ કોઈ વસ્તુ જ નથી. ટોડરમલજીએ પણ આમ કહ્યું છે. અને હું તો કહું છું કે તમારે કાળલબ્ધિની ધારણા કરવી છે કે કાળલબ્ધિનું જ્ઞાન કરવું છે? કાળલબ્ધિ...કાળલધિ શબ્દ બોલવાથી શું ફાયદો છે? કાળલબ્ધિની પ્રતીતિ તો દ્રવ્યસ્વભાવની પ્રતીતિની સાથે જ થાય છે. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ વગર કાળલબ્ધિનું યથાર્થ જ્ઞાન થતું નથી. પાંચેય સમવાય એક સમયમાં સાથે જ હોય છે. કાળલબ્ધિ કે ભવિતવ્ય એકલાં હોતાં નથી. પુરુષાર્થની પર્યાય દ્રવ્ય તરફ ઢળે ત્યારે પાંચેય સમવાય સાથે જ હોય, સાથે ન હોય એમ ત્રણકાળમાં કદી બને નહિ.

શ્રોતા:—ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે એમ કેમ કહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી:—દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે, ભાવના થાય એ પ્રમાણે ફળે જ. ન ફળે તો દ્રવ્યનો જ નાશ થાય અને તો કુદરતનો પણ નાશ થાય.

પહેલાં બધાં એમ કહેતાં કે 'કેવળજ્ઞાનીએ જોયું હશે તેમ થશે આપણે શું પુરુષાર્થ કરીએ?' અને અત્યારે લોકો 'ક્રમબદ્ધમાં હશે તેમ થશે આપણે પુરુષાર્થ કાંઈ કરવાનો નથી' એમ માને છે. પણ એકલું ક્રમબદ્ધ એ કોઈ વસ્તુ નથી. પાંચેય સમવાય સાથે હોય છે. આ ક્રમબદ્ધની વાત તો અહીંથી જ નીકળી છે. દરેક દ્રવ્યની

દરેક પર્યાય ક્રમસર જ થાય છે તેને ફેરવવા ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ સમર્થ નથી.

એક ક્રમબદ્ધની વાત અને બીજી એક દ્રવ્ય બીજાં દ્રવ્યને અડતું નથી. એ વાત પણ બીજે કયાંય નથી. સમયસારની ત્રીજી ગાથામાં આચાર્યદેવે ટીકામાં કહ્યું છે—સર્વ દ્રવ્યો પોતાના દ્રવ્યમાં અંતરમગ્ન હોવાથી પોતાના અનંત ધર્મોને ચુંબે છે—સ્પર્શે છે પણ પરદ્રવ્યને કોઈ દ્રવ્ય સ્પર્શતું નથી. એક પરમાણુ બીજાં પરમાણુને અડતો નથી. આ વાત વીતરાગ સર્વજ્ઞ સિવાય કયાંય ન હોઈ શકે. એક એક પરમાણુ બીજાં પરમાણુને સ્પર્શતો નથી. પોતામાં પોતાની પરિણતિ પોતાના કારણે દરેક દ્રવ્યમાં છે. કોઈ દ્રવ્ય પરસ્પર એકબીજાંને સ્પર્શતા નથી.

શ્રોતા :—આ તો નિશ્ચયનું કથન થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિશ્ચય એટલે જ સત્ય. વ્યવહાર તો ઉપચાર છે. એક દ્રવ્ય બીજાં દ્રવ્યનો ઉપકાર કરે છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તે એક દ્રવ્ય બીજાં દ્રવ્યના કાર્યમાં નિમિત્ત છે એમ બતાવવા કહ્યું છે. નિમિત્તની ઉપસ્થિતિને ઉપકાર કહ્યો છે પણ કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાર્ય ત્રણકાળમાં કદી કરી શકતું નથી. એક દ્રવ્ય બીજાં દ્રવ્યને અડતું જ નથી તો બીજાંનું કાર્ય કયાંથી કરે! જ્યારે એક દ્રવ્યનું કાર્ય થાય છે ત્યારે જેની અનુકૂળ હાજરી હોય છે તેને તે કાર્યમાં નિમિત્ત થયું કહેવાય છે.

ક્રમબદ્ધની ચર્ચા તો વર્ષોથી ચાલે છે. સમયસારની ૩૦૮ થી ૩૧૧ ગાથામાં આ 'ક્રમનિયમિત'ની વાત આવી છે. ક્રમનિયમિત એટલે ક્રમબદ્ધ. જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાયોગ્ય હોય તે જ થાય છે તેમાં આગળ-પાછળ કે કાંઈ ફેરફાર થતો નથી.

૭૧-૭૨ની સાલમાં આ પ્રશ્ન થયો હતો કે કેવળીએ દીઠું હશે તેમ થશે આપણે પુરુષાર્થ શું કરી શકીએ? ત્યારે કીધું હતું કે કેવળજ્ઞાનની એક પર્યાય, પોતાની અને પરની ભૂત, વર્તમાન, ભાવિ પર્યાયને એક સમયમાં જાણી લે છે એવી પર્યાયની સત્તાનો સ્વીકાર દ્રવ્યની દૃષ્ટિ વિના થઈ શકતો જ નથી. કેવળજ્ઞાનની એક પર્યાયમાં આખી દુનિયા આવી જાય છે. કેમ કે તેમાં પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયની સાથે આખા લોકાલોકના સર્વ દ્રવ્યો તેના ગુણ-પર્યાય સહિત જણાય છે, કાંઈ બાકી જ રહેતું નથી. આવી એક પર્યાયનો જે નિર્ણય કરે છે તેને સ્વભાવ તરફ દૃષ્ટિ અને ઝૂકાવપૂર્વક સમ્યગ્દર્શન થયા વિના રહેતું નથી. માટે કેવળીએ જોયું હોય તેમ થશે એમ કહે છે તેને હજુ કેવળીની સત્તાનો સ્વીકાર છે ખરો? કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર કરે છે તેની દૃષ્ટિ જ્ઞાનસ્વભાવ ઉપર હોવી જોઈએ. કેમ કે પર્યાયનો નિર્ણય

પર્યાયના આશ્રયે થતો નથી, પર્યાયનો નિર્ણય દ્રવ્યના આશ્રયે જ થાય છે. ત્રણલોકના નાથ સીમંધરભગવાન કહી રહ્યા છે તે આ વાત છે. તેમાં કિંચિત્ ફેરફાર નથી.

એક સમયની કેવળજ્ઞાનની પર્યાયની સત્તાનો સ્વીકાર કરવા જશે તેની દૃષ્ટિ પર્યાય ઉપર નહિ રહે પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જશે. કેમ કે પર્યાયનો નિર્ણય દ્રવ્યના આશ્રયે થાય છે. માટે પર્યાયનો નિર્ણય કરનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતાં તેને સમકિત થઈ જશે.

એક પરમાણુ બીજાં પરમાણુને અડતું નથી. આત્મા કર્મને અડતો નથી, કર્મ આત્માને અડતાં નથી અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમસર થાય છે. આ સિદ્ધાંતોની શ્રદ્ધા કરનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે અને તેને સમકિત થયા વિના રહેશે નહિ. એવી જોરદાર વાત છે. એવી જ જોરવાળી વાત અહીં બેને કરી છે કે વસ્તુની ભાવનાનું ફળ સફળ જ હોય. ભાવનાનું ફળ આવ્યા વિના રહે જ નહિ. ફળ ન આવે તો વસ્તુનો જ નાશ થશે, વસ્તુનું અસ્તિત્વ જ નહિ રહે. અને વસ્તુ નહિ રહે તો એક દ્રવ્યની જેમ જગતનો જ નાશ થશે. પણ એમ બને જ નહિ. ભાવનાનું ફળ પૂર્ણ દ્રવ્ય પ્રગટ થયા વિના રહે જ નહિ.

ચૈતન્ય દ્રવ્ય અનંત ગુણનો પિંડ છે તેની અંતરમાં ભાવના થઈ તે નિર્વિકલ્પ ભાવના છે, તેમાં રાગ-દ્વેષ નથી. આવી રાગરહિત ભાવનાથી કેવળજ્ઞાન નામ પૂર્ણતા પ્રાપ્ત થશે...થશે અને થશે જ. દ્રવ્યનું સાધન કરે તેને સાધ્ય આવ્યે છૂટકો છે. એવું વસ્તુનું સ્વરૂપ છે. ભાવનાનું ફળ ન આવે એમ બને જ નહિ.

પંચમઆરાના શ્રોતાને પણ અંદરથી આટલું જોર આવે છે કે અમે જે દૃષ્ટિ પ્રગટ કરી છે તેમાંથી હવે પડવાના નથી. ૩૮ મી ગાથામાં શિષ્યે કહ્યું ને ! અમે હવે પ્રતિબુદ્ધ થયા, આગળ વધીને પૂર્ણતા પ્રાપ્ત કરવાના પણ પાછાં પડવાના નથી. આવી જ વાત પ્રવચનસારની ૯૨ મી ગાથામાં લીધી છે કે ભલે અમે એકલા હોઈએ પણ જે માર્ગ લીધો છે તેમાંથી ચ્યુત થવાના નથી, પૂર્ણ થયે છૂટકો છે.

આ જોર કાંઈ સાધારણ નથી. લોકો તો દયા પાળી, વ્રત લઈ, પડિમા ધારીને ધર્મ કરવા માગે છે એવો સાધારણ ધર્મ નથી. બાપુ ! ધર્મ અસાધારણ છે. સમ્યગ્દર્શન થાય ત્યારે આ બધી સૂઝ પડે છે કે સાધકભાવ આવ્યો છે તો સાધ્ય પૂરો પ્રગટ થશે. સમ્યગ્દર્શન થયું તેને કેવળજ્ઞાન થશે જ. કુદરતનો આ સ્વભાવ છે તેમાં ફેર ન પડે.

આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે કે ચૈતન્યની દૃષ્ટિ હોય, ચૈતન્યની

ભાવના હોય, નિર્વિકલ્પદશા હોય અને તેને નિર્વિકલ્પ પૂર્ણતા પ્રાપ્ત ન થાય એમ ત્રણકાળમાં બને નહિ.

આ ૨૧ મો બોલ થયો.

જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે.' પછી તેનો વિચાર આવતો નથી. તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળપર્યાય પ્રગટ થાય છે. દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. ૩૦.

જ્યારે બીજ વાવે છે ત્યારે પ્રગટરૂપે બીજમાં કાંઈ દેખાતું નથી પણ વિશ્વાસ હોય છે કે આ બીજમાંથી વૃક્ષ ઊગશે જ. તેમ અંતરમાં આત્મની શ્રદ્ધા-જ્ઞાનનું બીજ વાવે છે તેને કેવળજ્ઞાન થશે જ. ષટ્ખંડાગમમાં એક એવો બોલ આવે છે કે સ્વભાવના અનુભવથી જે મતિજ્ઞાન થયું તે મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. એટલે કે બીજ ઊગી તે પૂનમ થયા વિના રહેતી નથી તેમ સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગી તેને કેવળજ્ઞાન-રૂપી પૂનમ થયા વિના રહેશે નહિ

સમયસારની જયસેનઆચાર્યની ટીકામાં કહ્યું છે કે ધ્યાતા-પુરુષ એમ ધ્યાવે છે કે 'સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પરિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય—તે જ હું છું.' શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે, સક્રિય નથી, પર્યાયમાં પરિણમન છે, દ્રવ્ય રાગાદિ પરિણતિરૂપ નથી તેમ જ મોક્ષના કારણભૂત શુદ્ધ ભાવના પરિણતિરૂપ પણ દ્રવ્ય નથી. દ્રવ્યરૂપ વસ્તુ ત્રિકાળ નિરાવરણ અખંડ એક છે. દ્રવ્ય ધ્યાનરૂપ નથી કેમ કે ધ્યાન તો વિનશ્વર છે માટે ધ્યાન પર્યાયનું ધ્યાન ન હોય પણ ધ્યેયનું ધ્યાન હોય.

યોગીન્દ્રદેવ પણ કહે છે કે હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી અને મરતો પણ નથી, બંધ-મોક્ષને પણ કરતો નથી.

અહાહા...! અહીં ૩૦માં બોલમાં કહે છે કે 'મૂળ શક્તિરૂપ દ્રવ્ય તે હું' એમ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. અચળ, એક, પૂર્ણાનંદના નાથ ધ્રુવને ગ્રહણ કરવાથી નિર્મળતા પ્રાપ્ત થાય છે. પહેલેથી પ્રગટરૂપે

અનંત ગુણ કે તેની અનંતી નિર્મળ પર્યાયો દેખાતી નથી માટે વિશ્વાસ ન કરે અને સમ્યક્ શ્રદ્ધાનું બીજ ન વાવે તો ધર્મના–શાંતિના ફળ આવતા નથી. માટે પ્રથમ તો વિશ્વાસ કર કે મારા આત્માની સમ્યક્શ્રદ્ધાથી કેવળજ્ઞાન થશે જ. ભવભ્રમણનો નાશ થશે જ એવો અંતરથી જેને વિશ્વાસ નથી આવતો તેણે આત્માને જાણ્યો જ નથી.

દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. દ્રવ્યનો આશ્રય આવ્યો તેને દ્રવ્યના આશ્રયે શુદ્ધિ પ્રગટ થાય છે, દ્રવ્યના આશ્રયે શુદ્ધિ ટકી રહે છે અને દ્રવ્યના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. અહા! આવો મારગ છે. કરવાનું કાંઈ નથી. જ્ઞાનસ્વરૂપીને રાગનું કરવું કહેવું એ તો મરવા બરાબર છે. કરવાનું સોંપવાથી જ્ઞાતાપણાનો નાશ થાય છે.

જેને, હું જ્ઞાનસ્વરૂપનો પિંડ છું, મારામાં કોઈ મેલ કે અશુદ્ધતા નથી એવો વિશ્વાસ આવ્યો તેને નિર્મળતા ફળશે જ. નિર્મળતા પ્રગટ થયા વિના રહેશે નહિ.

આ તો બેનના વચન છે...રાત્રિવાંચનમાં થોડું બોલ્યા હશે તે બેનોએ લખી લીધેલું એટલે આ બહાર આવ્યું. બેન પોતે તો બહાર પાડે તેવા નથી. (મોહથી) મરી ગયેલાં છે, તેમના આ બધા વચનામૃત છે.

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી :—


| | |
|---|---|
| પ્રકાશન સ્થાન :— | શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન તારીખ :— | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |
| મુદ્રક :— | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| સંપાદક :— | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| તંત્રી :— | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| રાષ્ટ્રીયતા :— | ભારતીય |
| માલિક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |

—વ્યવસ્થાપક (મેનેજર)
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
તા. ૧૫-૩-૯૫ સોનગઢ (કાનજીસ્વામીનું)–૩૬૪ ૨૫૦

[તા. ૮-૩-૯૫]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર–દર્શન-પૂજા

સવારે ૮–૩૦ થી ૯–૩૦ : શ્રી નિયમસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ–પ્રવચન

સવારે ૧૦–૦૦ થી ૧૦–૪૫ : પુરુષો માટે શિક્ષણવર્ગ

બપોરે ૩–૦૦ થી ૪–૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન

બપોરે ૪–૦૦ થી ૪–૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪–૧૫ થી ૫–૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭–૩૦ થી ૮–૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર નાટક' ઉપર આધ્યાત્મિક ટેપ–પ્રવચન.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૬મી જન્મજયંતીના મંગલ અવસરે
અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં પુરુષો માટે

## 卐 ધાર્મિક શિક્ષણવર્ગ 卐

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૬મી જન્મજયંતીના ઉપલક્ષમાં સુવર્ણપુરીમાં તા. ર૭–૪–૯૫, ગુરુવાર થી તા. ૧૭–૫–૯૫, બુધવાર—ર૧ દિવસ સુધી પુરુષો માટે જૈન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુભાઈઓ સાદર નિમંત્રિત છે.

[સૂચના :—(૧) શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે. (ર) ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર તેમ જ શ્રી પંચાસ્તિકાય ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૩) મધ્યમવર્ગમાં શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તેમ જ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૪) પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે પોતાના મંડળના મુમુક્ષુઓ બહોળી સંખ્યામાં આ શિક્ષણવર્ગનો લાભ લ્યે તે માટે પ્રોત્સાહિત કરે; તેમ જ આવનાર મુમુક્ષુઓની સંખ્યા પત્રથી જણાવે.] —✻—

## * માનસ્તમ્ભ-પ્રતિષ્ઠાતિથિ *

અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં વિ. સં. ૨૦૦૯માં નિર્મિત ૬૩ ફુટના ઉન્નત સંગેમરમરના 'શ્રી સીમંધર જિન-માનસ્તંભ'ની ૪૩મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ ચૈત્ર સુદ–૧૦, સોમવાર, તા. ૧૦–૪–૯૫ના રોજ છે. આ મંગલ અવસર પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

## * મહાવીરજયંતી તેમ જ કહાનગુરુ-પરિવર્તન દિન *

ચૈત્ર સુદ–૧૩, ગુરુવાર, તા. ૧૩–૪–૯૫ના રોજ પ્રવર્તમાન તીર્થનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો વાર્ષિક પર્વ તથા વીરજિનશાસનપ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૬૧મો સમ્પ્રદાય-પરિવર્તનદિન છે. જિનશાસનપ્રભાવનાનો આ વાર્ષિક મંગલ પ્રસંગ 'શ્રી મહાવીર કુન્દકુન્દ દિ. જૈન પરમાગમ'માં પૂજા તેમ જ 'સ્ટાર ઓફ ઇન્ડિયા' કે જેનો જીર્ણોદ્ધાર હમણા કરવામાં આવ્યો છે તેમાં આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ દ્વારા ભક્તિ આદિ વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

જીર્ણોદ્ધારકાર્યને જોવા માટે આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ તા. ૧૬–૧–૯૫ના રોજ સવારે ગુરુભક્ત મુમુક્ષુવૃન્દને સાથે લઈને ગયા હતા. ત્યાં તેઓએ ગુરુભક્તિ કરાવી હતી તેમ જ 'પરિવર્તન' સંબંધી અનેક સંસ્મરણો સંભળાવ્યા હતા; જે સાંભળીને ઉપસ્થિત મુમુક્ષુઓ પ્રમોદિત થયા હતા.

## * દાદરમાં કહાનગુરુ-પ્રતિકૃતિ-પીઠિકા-શિલાન્યાસ-ઉત્સવ *

મુંબઈનગરીના દાદર ઉપનગરમાં શ્રી મહાવીરસ્વામી દિ. જિનમંદિરના પરિસરમાં નિર્માણાધીન શ્રી કહાનગુરુ-પ્રતિકૃતિ-પીઠિકાનો શિલાન્યાસ-ઉત્સવ તા. ૫–૨–૯૫ના શુભ દિને અધ્યાત્મયુગસર્જક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર-પ્રતાપે અતિ આનંદ-ઉત્સાહ પૂર્વક સમ્પન્ન થયો. શિલાન્યાસ વિધિનો અમૂલ્ય લાભ શ્રી અનંતરાય અમુલખરાય શેઠ–પરિવાર, હસ્તે શ્રી અનંતરાય, કનકબેન તેમ જ પુત્રો શ્રી અનુજભાઈ અને શ્રી હિતેનભાઈએ ગુરુભક્તિભીના હર્ષોલ્લાસપૂર્વક લીધો હતો.

આ આનંદકારી મંગલ અવસર પર કહાનગુરુ-પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ)-સંસ્થાપન આદિની ઉછામણી પણ રાખવામાં આવી હતી, જેમનો નીચે દર્શાવેલ ગુરુભક્ત મુમુક્ષુ મહાનુભાવોએ અતિશય ભક્તિભાવથી આનંદવિભોર બનીને લાભ લીધો હતો :—

૧. ગુરુ-પ્રતિકૃતિ-સંસ્થાપનની બોલી : સ્વ. શ્રી શાંતિલાલ કસ્તૂરચંદ ઝોબાળિયા–પરિવાર,
હા. શ્રી જયન્તીભાઈ તથા શ્રી કનુભાઈ ઝોબાળિયા.

૨. ભગવત્કુંદકુંદાચાર્યના ચિત્રપટની બોલી : સ્વ. રિખબદાસ એમ. જૈન–પરિવાર,
હા. શ્રી મણિલાલ, શાંતિલાલ તથા ભરતકુમાર.

૩. પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટની બોલી : સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવાર, હા. શ્રી શારદાબેન, નેમીશભાઈ તથા કેતનભાઈ.

૪. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ચિત્રપટની બોલી : સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવાર, હા. શ્રી શારદાબેન, નેમીશભાઈ તથા કેતનભાઈ.

૫. સમ્મેદશિખર–ચિત્રપટ : સ્વ. શ્રી નંદલાલ પ્રાગજી મહેતા, ઉમરાળાવાળા, હા. શ્રી કળાબેન, જયેશભાઈ, મનીષ તથા સંજય.

૬. પાવાપુરી–ચિત્રપટ : સ્વ. શ્રી મંજુલાબેન મયાશંકર દેસાઈ–પરિવાર, હા. કુંજલતાબેન.

૭. ચંપાપુરી–ચિત્રપટ : સ્વ. શ્રી પ્રેમચંદ પાનાચંદ ભાયાણી–પરિવાર, હા. શ્રી ગુણવંતભાઈ, પ્રવીણભાઈ. મધુભાઈ તથા મૂકેશભાઈ.

૮. ગિરનાર–ચિત્રપટ : સ્વ. શ્રી રતિલાલ પ્રાગજી મહેતા–પરિવાર, ઉમરાળાવાળા, હા. શ્રી કાંતાબેન તથા જયસુખભાઈ.

૯. નંદીશ્વરજિનાલય–ચિત્રપટ : શ્રી હિંમતલાલ હરિલાલ શાહ–પરિવાર, હા. શ્રી હિંમતભાઈ શાહ.

૧૦. કૈલાસગિરિ–ચિત્રપટ : સ્વ. શ્રી રમણીકલાલ મયાચંદ દેસાઈ–પરિવાર, હા. શ્રી મધુબેન.

૧૧. વિદેહજ્યોત–ચિત્રપટ : શ્રી હરિયા ભારમલ વાઘજી–પરિવાર, હા. શ્રી ભારમલભાઈ હરિયા.

૧૨. શ્રી પદ્મપ્રભમલધારીદેવ–ચિત્રપટ : શ્રી નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, હા. શ્રી ભારમલ વાઘજી હરિયા.

૧૩. પંડિતપ્રવર શ્રી ટોડરમલજી–ચિત્રપટ : સ્વ. શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર–પરિવાર, હા. શ્રી પ્રાણલાલભાઈ, રમેશભાઈ આદિ.

૧૪. મહાવીર–દસ ભવ–ચિત્રપટ : હા. શ્રી દક્ષાબેન વિનયચંદ્ર કાપડિયા.

૧૫. ઋષભ–મુનિવર–આહારદાન–ચિત્રપટ : હા. શ્રી કહાનનગર (દાદર) મુમુક્ષુ મહિલામંડળ.

આ પ્રસંગે અન્ય અનેક રકમો પણ મુમુક્ષુઓ દ્વારા જાહેર કરવામાં આવી હતી. લખતરનિવાસી સ્વ. રતનબેન શિવલાલ મનજીભાઈ દોશી–પરિવાર તરફથી સવારનું સ્વામી-વાત્સલ્ય ભોજન આપવામાં આવ્યું હતું. કહાનનગરના સ્વયંસેવકો તેમ જ મહિલામંડળની સેવા પ્રશંસનીય હતી.

—❀—

મુંબઈ નજદીક 'વસઈ–રોડ' શહેરમાં નવનિર્માણાધીન

ભગવાન શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરનો

## 卐 શિલાન્યાસ–મહોત્સવ 卐

અધ્યાત્મયુગપ્રણેતા પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમ-મૂર્તિ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારથી પ્રભાવિત શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન સંઘ, વસઈ રોડ તથા શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ, મલાડ

દ્વારા 'વસઈ-રોડ' શહેરમાં નવનિર્માણાધીન "ભગવાન શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર"ના શિલાન્યાસ-મહોત્સવનું આયોજન વિ. સં. ૨૦૫૧, ચૈત્ર સુદ-૯, રવિવાર, તા. ૯-૪-૯૫ના રોજ સવારે ૧૦ વાગે રાખવામાં આવ્યું છે.

—*—

## વૈરાગ્ય સમાચાર—

* ગઢડાનિવાસી (હાલ-હૈદ્રાબાદ) શ્રી મહાસુખભાઈ જગજીવનદાસ કામદારના સુપુત્ર ચેતનકુમાર (હિતેશકુમાર) (વર્ષ-૩૪) તા. ૧૩-૧૧-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી (હાલ-બેંગલોર) શ્રી મનોરમાબેન વ્રજલાલ પોપટલાલ શેઠ (વર્ષ-૬૧) તા. ૧૨-૧-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી (હાલ-સોનગઢ) શ્રી વીરચંદભાઈ કાનજીભાઈ મોટાણી (વર્ષ-૮૯) તા. ૧૧-૨-૯૫ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. કલકત્તા મુમુક્ષુમંડળના તેઓ આદ્યસ્થાપક તથા વાંચનકાર હતા. પૂજ્ય ગુરુદેવશ્રીના સંપ્રદાય સમયના અનુયાયી હતા. પાછલી જિંદગીમાં વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ખૂબ લાભ લીધો હતો. તેઓ તત્ત્વ-અભ્યાસી અને વાત્સલ્યપ્રેમી હતા.

* લેન્સડેલ (અમેરિકા)નિવાસી શ્રી હીરાબેન નાથાલાલ શાહ (વર્ષ-૮૦) (તે શ્રી જેઠાલાલજી બોટાદવાળાના પુત્રી) તા. ૨૦-૨-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી ચમનલાલ ફુલચંદભાઈના પુત્રવધુ નયનાબેન ચેતનકુમાર શાહ (વર્ષ-૩૧) તા. ૨૮-૨-૯૫ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી શ્રી સુશીલાબેન (તારાબેન) હિમ્મતલાલ હરગોવિંદદાસ શાહ (જે. હિંમતલાલ એન્ડ કું. વાળા શ્રી હિમ્મતભાઈના ધર્મપત્ની) (વર્ષ-૭૪) તા. ૭-૩-૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમમાં રહીને અધ્યાત્મનો ઘણો જ લાભ લીધો હતો. તેમને તત્ત્વજિજ્ઞાસા અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિભાવ ઘણો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

રાજકોટના શ્રી કુન્દકુન્દ-કહાન-પરિવારયુવકમંડળ ટ્રસ્ટ દ્વારા આયોજિત
સુવર્ણપુરીમાં સમ્યક્ત્વમહિમાનો મંગલ-મહોત્સવ
સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

# ૬૩ મો

# 卐 સમ્યક્ત્વજયંતી-મહોત્સવ 卐

[ તા. ૨૨-૩-૯૫ થી તા. ૨૬-૩-૯૫ ]

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-ઉપદેશના પ્રતાપે જેઓશ્રીએ નાની વયમાં સ્વાનુભૂતિ-રસાસ્વાદ કરી લીધો હતો તે કહાન-ગુરુ-ભક્ત-રત્ન પૂજ્ય બહેનશ્રીની ૬૩મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ, શ્રી કુન્દકુન્દ-કહાન-પરિવાર–યુવકમંડળ ટ્રસ્ટ (રાજકોટ) તરફથી તા. ૨૨–૩–૯૫, બુધવારથી તા. ૨૬–૩–૯૫, રવિવાર, ફાગણ વદ–૧૦ —પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

આ પાંચ-દિવસીય સમ્યક્ત્વજયંતી-મહોત્સવ શ્રી પંચપરમેષ્ઠિ-મંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અધ્યાત્મ વિડિયો-ઓડિયો ટેપ-પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, દેવ-ગુરુ-ભક્તિ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સ્વાનુભૂતિ-પ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા સોનગઢ પધારવા હાર્દિક અનુરોધ છે.

[ સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક છે. ]

નિમંત્રક—

હીરાલાલ અમૃતલાલ મહેતા,

પ્રમુખ—શ્રી કુન્દકુન્દ-કહાન-પરિવારયુવકમંડળ ટ્રસ્ટ, રાજકોટ

## ※ અહા ! જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન જ છે ※

※ અહો ! આજે ભગવાન પધાર્યા. એવા મંગળ મુહૂર્તે શ્રી સીમંધર ભગવાન પધાર્યા કે એમની પાછળ ક્રમશઃ આખા સૌરાષ્ટ્રમાં જિનેન્દ્રવૃંદ ઊતરી પડ્યા; ગામે ગામ ભગવાન પધાર્યા. અહો! જગતમાં સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. આપણે ત્યાં ભગવાન પધાર્યા, દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું, તેની શી વાત ! વિદેહના વિહરમાન ભગવાન જાણે સાક્ષાત્ ભગવાન—આપણે આંગણે પધાર્યા ! શ્રી સીમંધર ભગવાનનો જ્યારે મંદિરના દ્વારમાં પ્રવેશ થયો ત્યારે ગુરુદેવે અતિશય ભક્તિભાવથી 'પધારો ભગવાન ! પધારો'—એમ સ્વાગત કરીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. પૂજ્ય ગુરુદેવે આશ્ચર્યમુગ્ધ થઈ ભગવાનના દર્શન કર્યાં ત્યારે એમની આંખોમાંથી આનંદના આંસુ વહેવા લાગ્યાં હતાં. અહા ! જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન જ છે.

પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A 356 Smt. Kantaben M. Ajmera
Modi No. 2, Sita Burdy,
NAC -440012